# <u>મહે.સુરતના ત્રીજા એડિ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, સુરત</u>

**ફોજદારી કેસ નં. /૨૦૨૬**

**EX. 05**

## <u>ચુકાદોઃ-</u>

(૧) આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરી પુરસીસ આ અદાલતમાં આપેલ છે, જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમા પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી, તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના શીક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) વધુમાં, આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે.

(3) <u>**નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર.,૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોર**</u>ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં.૭૨૧, પેરા - ૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં અને તે તેઓને સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જાહેર કરેલ છે. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઈને નીચે પ્રમાણેનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમઃ-</u>

(૧) આ કામના દરેક આરોપીને બી.એન.એસની કલમ-૨૭૫ મુજબ તેમની સામેના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા <u>**રૂા. ૨૫૦૦/- ( અંકે રૂા. પચ્ચીસો પુરા)**</u> નો દંડ ફરમાવવામાં આવે છે. દંડની રકમ ભરવામાં કસુર થયેથી <u>**દિવસ-૧૫**</u> ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો આથી કાયમ રાખવામાં આવે છે અને જો મુદ્દામાલ અંગે હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય બાદ યોગ્ય ખરાઈ કરી મુળ માલિકને પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ,આજ તા.૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬

મુ. સુરત

(નરેન્દ્રકુમાર જોષી)
ત્રીજા જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,સુરત
કોડ નં. જી. જે. ૦૧૪૫૪